### તંત્ર અને આગેવાનોની સંયુક્ત કામગીરીથી પાણીનો નિકાલ કરાયો

## શહેરામાં ૬ ઈંચ વરસાદ:હાઈવે જળમગ્ન

(પ્રતિનિધિ) ગોધરા તા.24

શહેરામાં રાત્રિના ૨ વાગ્યાથી સવારના ૧૧ વાગ્યા સુધીમાં ૬ ઈંચ જેટલો ભારે વરસાદ ખાબકતા જનજીવન પ્રભાવિત થયું હતું. ભારે વરસાદને પગલે હાલોલ-શામળાજી હાઈવે પરના અણીયાદ ચોકડી પાસે મોટા પ્રમાણમાં પાણી ભરાઈ જતા વાહનચાલકો ભારે મુશ્કેલીમાં મુકાયા હતા. રસ્તા પર પાણીનો ભરાવો થવાથી વાહનો બંધ પડવાની અને આસપાસના રહેણાંક વિસ્તારોમાં પાણી ઘૂસવાની ગંભીર પરિસ્થિતિ સર્જાઈ હતી. આ વિકટ સ્થિતિના નિવારણ માટે સ્થાનિક વહીવટી તંત્ર, નગરપાલિકાના હોદ્દેદારો અને રાજકીય આગેવાનોએ સંયુક્ત રીતે ત્વરિત કામગીરી હાથ ધરી હતી. ભરાયેલા પાણીના ઝડપી નિકાલ માટે તાત્કાલિક જેસીબી મશીનની મદદ લેવામાં આવી હતી અને અણિયાદ ચોકડી તેમજ ગ્રીન પાર્ક



સોસાયટી પાસે નેશનલ હાઈવેના ડિવાઈડર તોડવાની ફરજ પડી હતી.

આ ઉપરાંત, હાઈવે પર વરસાદી પાણીના નિકાલ માટે બનાવેલા કટ આઉટ માટીથી પુરાઈ ગયા હોવાથી, ઉપસ્થિત આગેવાનો અને નગરપાલિકાની ટીમે જાતે શ્રમદાન કરી પાવડા વડે માટી હટાવી રસ્તો ખુલ્લો કરાવ્યો હતો. તંત્ર અને સ્થાનિક આગેવાનોના સંયુક્ત પ્રયાસોથી હાલ પૂરતી લોકોને મોટી રાહત મળી છે. જોકે, હાલોલ-શામળાજી હાઈવે પર દર વર્ષે ચોમાસામાં પાણી ભરાવાની આ સમસ્યા સામાન્ય બની ગઈ છે. વારંવાર સર્જાતી આ હાલાકીને કારણે વાહનચાલકો અને સ્થાનિક નાગરિકો દ્વારા વહીવટી તંત્ર પાસે આ સમસ્યાનો સત્વરે કોઈ કાયમી અને નક્કર ઉકેલ લાવવાની માંગ કરવામાં આવી રહી છે.

### પંચમહાલમાં ભારે વરસાદના કારણે અનેક સ્થળે વૃક્ષો થયા હતાં

## ધરાશાયી થયેલા વૃક્ષોને તંત્ર દ્વારા યુદ્ધના ધોરણે હટાવાયા

(પ્રતિનિધિ) ગોધરા તા.24

પંચમહાલમાં તાજેતરમાં પડેલા ભારે વરસાદ અને પવનના કારણે જિલ્લાના વિવિધ તાલુકાઓમાં જાહેર માર્ગો પર વૃક્ષો ધરાશાયી થવાની ઘટનાઓ સામે આવી હતી. વરસાદી વાતાવરણ વચ્ચે વાહનવ્યવહાર ખોરવાય નહીં અને નાગરિકોને કોઈ મુશ્કેલી ન પડે તે માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા ત્વરિત અને યુદ્ધના ધોરણે કામગીરી હાથ ધરી તમામ રસ્તાઓ ખુલ્લા કરવામાં આવ્યા છે. સામાજિક વનીકરણ વિભાગ, ગોધરા અને માર્ગ અને મકાન (R|B) વિભાગના સંયુક્ત ઉપક્રમે જિલ્લાના તમામ પ્રભાવિત વિસ્તારોમાં સઘન



કામગીરી હાથ ધરાઈ હતી. ઘોઘંબા તાલુકામાં રણજીતપુરા થી બારીયા રોડ (પરોલી) તેમજ રણજીતનગર થી પરોલી (કરોલી ગામ) માર્ગ પર પડેલા વૃક્ષો દૂર કરાયા.એ જ રીતે જાંબુઘોડા તાલુકામાં પાવાગઢ થી બોડેલી હાઈવે પર ભીલ ડુંગરા નજીક ધરાશાયી થયેલા વૃક્ષો હટાવી રસ્તો પૂર્વવત કરાયો.તદુપરાંત શહેરામાં હોંસેલાવ થી લાભી રોડ પરથી અવરોધો દૂર કરવામાં આવ્યા. હાલોલમાં પાવાગઢ બાયપાસ રોડ પર વડા તળાવ નજીક પડેલા વૃક્ષો દૂર કરી વાહનવ્યવહાર પૂર્વવત કરાયો છે.કાલોલમાં પણ મલાવ થી કાલોલ રોડ પર આવેલા આંટા ગામે રસ્તા પર પડેલા વૃક્ષો હટાવી વાહનવ્યવહાર સુરક્ષિત કરવામાં આવ્યો છે.

### મેગા પ્લાન્ટેશન ડ્રાઇવનું સફળ આયોજન

## પંચમહાલમાં ઓઈલ પામની ખેતી અંગે તાલીમ અપાઈ



(પ્રતિનિધિ) ગોધરા તા.24

પંચમહાલ જિલ્લામાં નેશનલ મિશન ઓન એડીબલ ઓઈલ - ઓઈલ પામ (NMEO-OP) યોજના અંતર્ગત ખેડૂતોમાં ઓઈલ પામની આધુનિક અને વૈજ્ઞાનિક ખેતીને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી વિવિધ સફળ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમ હેઠળ સેન્ટર ઓફ એક્સિલેન્સ, ખંડિવાવ ખાતે અનુસૂચિત જનજાતિ (ST) ના ખેડૂતો માટે એક દિવસીય વિશેષ તાલીમ શિબિર યોજાઈ હતી. જેમાં કુલ ૬૦ ખેડૂતોએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. આ તાલીમ દરમિયાન નિષ્ણાતો દ્વારા ઓઈલ પામની નવીનતમ ખેતી પદ્ધતિઓ, રોપણી, ટપક અને વૈજ્ઞાનિક સિંચાઈ વ્યવસ્થાપન, સંકલિત ખાતર વ્યવસ્થાપન તેમજ સરકારની યોજનાકીય સહાય અને લાભો અંગે ખેડૂતોને ઊંડાણપૂર્વક માર્ગદર્શન પૂરું પાડવામાં આવ્યું હતું.તાલીમ કાર્યક્રમના બીજા દિવસે 'ઓઈલ પામ મેગા પ્લાન્ટેશન ડ્રાઈવ'નું આયોજન કરાયું હતું. આ પ્રસંગે કાલોલ તાલુકાના ધારાસભ્ય ફતેસિંહ ચૌહાણની વિશેષ ઉપસ્થિતિ રહી હતી,

### બે ગાડી સામસામે આવતા જ નગરમાં ટ્રાફિકની સમસ્યા સર્જાશે

## ફતેપુરામાં રસ્તાની પહોળાઈ મુદ્દે ગ્રામજનોમાં રોષ, ૧૪ મીટરના બદલે ૭ મીટર રસ્તાનો કેમ?

(પ્રતિનિધિ) ફતેપુરા,દાહોદ તા.24

ફતેપુરા ગામમાં ઝાલોદ રોડથી ગામમાં પ્રવેશતા મુખ્ય રસ્તાના નિર્માણ કાર્યમાં પહોળાઈમાં ભેદભાવ રાખવામાં આવી રહ્યો હોવાનો આક્ષેપ કરીને ગ્રામજનોએ વિરોધ નોંધાવ્યો છે. આ મુદ્દે ગ્રામજનોએ તાલુકા વિકાસ અધિકારી (TDO) અને મામલતદારને આવેદનપત્ર આપી તાત્કાલિક કાર્યવાહી કરવાની માંગ કરી છે. મળતી માહિતી મુજબ, R&B વિભાગ દ્વારા ઝાલોદ રોડથી ગામમાં પ્રવેશતા મુખ્ય રસ્તા તેમજ ગટરનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે.

ગ્રામજનોના જણાવ્યા અનુસાર ઝાલોદ રોડની બહારના ભાગમાં રસ્તાની



પહોળાઈ 14 મીટર રાખવામાં આવી રહી છે, જ્યારે ગામમાં પ્રવેશતા જ તેને ઘટાડીને માત્ર 7 મીટર કરવામાં આવી રહી છે. ગ્રામજનોનો આક્ષેપ છે કે ગામની અંદર બંને બાજુ દબાણો હોવા છતાં તેને દૂર કર્યા વગર જ રસ્તાનું માપ ઘટાડવામાં આવી રહ્યું છે. આ પ્રકારની કામગીરી ભેદભાવપૂર્ણ હોવાનું જણાવી સ્થાનિક રહીશોએ સખત વિરોધ વ્યક્ત કર્યો છે. ગ્રામજનોએ માંગ કરી છે કે ઝાલોદ રોડ પર જેટલી 14 મીટર પહોળાઈ રાખવામાં આવી રહી છે તેટલી જ પહોળાઈ ગામની અંદર પણ દબાણ દૂર કરીને રાખવામાં આવે. જો રસ્તો અચાનક 14 મીટરમાંથી 7 મીટર થઈ જશે તો ભવિષ્યમાં ટ્રાફિક જામ, અકસ્માતો તેમજ વરસાદી પાણીના ભરાવાની સમસ્યા ઊભી થઈ શકે છે, જે સરકારી નાણાનો બગાડ પણ ગણાશે. આવેદનપત્રમાં ગ્રામજનોએ માંગ કરી છે કે હાલ ચાલી રહેલું કામ તાત્કાલિક બંધ કરવામાં આવે, ગામજનોની હાજરીમાં ફરીથી માપણી કરવામાં આવે અને સમાન પહોળાઈ નક્કી થાય ત્યાં સુધી કોઈપણ પ્રકારનું બાંધકામ કે કોન્ટ્રાક્ટરને પેમેન્ટ કરવામાં ન આવે. ગ્રામજનોએ ચેતવણી આપી છે કે જો આગામી 15 દિવસમાં આ મુદ્દે યોગ્ય નિરાકરણ નહીં આવે તો તેઓ જિલ્લા કલેક્ટર સહિત ઉચ્ચ અધિકારીઓ સમક્ષ રજૂઆત કરી વધુ ઉગ્ર આંદોલનનો માર્ગ અપનાવશે.

### જીપીએસસીમાં મેળવી શાનદાર સફળતા

## દાહોદના ડો. સિદ્ધિ પ્રજાપતિ બન્યા સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર

(પ્રતિનિધિ) દાહોદ તા.24

બેચલર ઓફ ફિઝિયોથેરાપીનો અભ્યાસ પૂર્ણ કર્યા બાદ જુનિયર ક્લાર્ક તરીકે સરકારી સેવા શરૂ કરનાર ડો. સિદ્ધિ પ્રજાપતિએ અડગ મહેનતના બળે જીપીએસસી પાસ કરી સ્ટેટ ટેક્સ ઈન્સ્પેક્ટર તરીકે ગૌરવવંતી સફળતા મેળવી વ્યક્તિની અંદર જો કંઈક કરી છૂટવાની લગની હોય અને મુશ્કેલીઓ સામે લડવાની તાકાત હોય, તો સફળતા ચોક્કસ મળે છે. શૈક્ષણિક ક્ષેત્રે મેડિકલ સંલગ્ન ઉચ્ચ અભ્યાસ પૂર્ણ કર્યા બાદ પણ સરકારી સેવા ક્ષેત્રે આગળ વધવાના સ્વપ્નને સાકાર કરવા માટે તેમણે જે સંઘર્ષ કર્યો છે, તે આજના યુવાનો માટે એક મજબૂત પ્રેરણા સ્રોત બન્યો છે. ડો. સિદ્ધિ પ્રજાપતિએ ધોરણ-12 સાયન્સ પ્રવાહ સફળતાપૂર્વક ઉત્તીર્ણ કર્યા બાદ તબીબી ક્ષેત્રના



વ્યવસાયિક અભ્યાસક્રમ તરીકે બેચલર ઓફ ફિઝિયોથેરાપીની ડિગ્રી મેળવી હતી. આરોગ્ય ક્ષેત્રે પોતાની કારકિર્દી ઘડવાના આશયથી તેમણે આ અભ્યાસ પૂર્ણ કર્યો હતો, પરંતુ સમયની સાથે તેમની રૂચિ અને સ્પર્ધાત્મક પરીક્ષાઓ પ્રત્યેનું સમર્પણ તેમને વહીવટી અને સરકારી સેવાઓ તરફ દોરી ગયું. તબીબી અભ્યાસ પૂર્ણ થયા પછી પણ તેમણે હિંમત હાર્યા વગર સ્પર્ધાત્મક પરીક્ષાઓની તૈયારીઓનો સિલસિલો અક્ષુણ્ણ રાખ્યો હતો, જે તેમની દીર્ઘદ્રષ્ટિ દર્શાવે છે.

### વડોદરા ઝોનના પદાધિકારીઓ અને કર્મચારીઓ જોડાયા

## દાહોદ ખાતે ઘન કચરા વ્યવસ્થાપન અંગે ઝોનકક્ષાનો વર્કશોપ યોજાયો

(પ્રતિનિધિ) દાહોદ તા.24

ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ અમલીકરણ અંગેનો પ્રાદેશિક કમિશ્નર, નગર પાલિકાઓ,વડોદરા ઝોનના પદાધિકારીઓ અને કર્મચારીઓ માટે ઝોન ક્ષાનો વર્કશોપ તા.૨૩/૦૭/૨૦૨૬ ના રોજ દાહોદ નગરપાલિકા ખાતે પંડિત દિનદયાલ ઓડીટોરીયમ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં મહાનુભાવ દાહોદના ધારાસભ્ય કનૈયાલાલ કિશોરી ,મેહુલભાઈ પંડયા ,અધિક કલેકટર,આર.સી.એમ. વડોદરા.સૈલેશભાઈ કલસરીયા ડેપ્યુટી કલેકટર,આર.સી.એમ. વડોદરા.દાહોદ નગરપાલિકાના ચીફ ઓફિસર દીપસિંહ હઠીલા,



પ્રમુખ મીનાક્ષીબેન નીનામા અને ઉપ-પ્રમુખ જુગલબેન પંડયા અને ચુટાયેલા પ્રતિનિધીઓ અનેવડોદરા ઝોનની નગરપાલિકાઓ માંથી ચીફ ઓફિસર , પ્રમુખ અને ઉપ-પ્રમુખ તેમજ ચુટાયેલા પ્રતિનિધીઓ અને સ્વચ્છ ભારત મિશન અંતર્ગત તમામ સ્ટાફ હાજર રહ્યા હતા. જેમાંમેહુલભાઈ પંડયા એ સ્વાગત પ્રવચન ધ્વારા ઘન કચરા વ્યવસ્થાપન નિયમો-૨૦૨૬ તે સંદર્ભે નામદાર સુપ્રીમ કોર્ટના દિશાનિર્દેશોના અમલીકરણ અંગેની સમજણ આપી. તેમજસુનીત ડબકે ધ્વારા કચરાનું ૪ પ્રકાર વર્ગીકરણ,બ્લક વેસ્ટ જનરેટરની ઓળખ અને નોંધણી તેમજ કચરો ઉત્પન્ન કરનાર અને શહેરી સ્થાનિક સંસ્થાની જવાબદારીઓ બાબત માર્ગદર્શન આપ્યું. નિરજ મિઠાણી ધ્વારા ડમ્પ સાઈટની ઓળખ અને ડમ્પ કચરાના નિકાલનું આયોજન બાબતે સમજણ આપી.પરેશ ચાવડા ધ્વારા બલ્ક વેસ્ટ જનરેટરની જવાબદારીઓ અને EBWGR Certificate અંગેની કામગીરી અને CPCB પોર્ટલ અંગેની માહિતી સચોટ માહિતી પુરી પાડવામાં આવી.

### કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે તકેદારી રખાશે

## દાહોદ જિલ્લામાં અતિભારે વરસાદની આગાહી,તંત્ર એલર્ટ

(પ્રતિનિધિ) દાહોદ તા.24

દાહોદ સહિત કેટલાક જીલ્લામાં ભારે થી અતિભારે વરસાદની આગાહી પગલે જીલ્લાનુ તંત્ર એલર્ટ મોડમાં છે.તા ૨૪ ના રોજ સવારથી જ સંપુર્ણ જીલ્લામા ધીમીધારે વરસાદ વરસી રહ્યો છે. તંત્ર ધ્વારા કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કોઈ ધટના સર્જાય તો તેને પહોચી વળવા માટે તાલુકા વાર કંટ્રોલરૂમ બનાવાયા છે.

જો કે આ સમાચાર લખાયા સુધી વરસાદને કારણે કોઈ બનાવ બન્યો હોવાની માહિતી મળી નથી .જીલ્લામા તા ૨૪ના રોજ સવારના ૬ કલાકથી ૧૦ કલાક સુધીમા ફતેપુરા તાલુકામા ૩મીમી,ઝાલોદ ૭મીમી,લીમખેડામા ૧૩મીમી,



દાહોદમા ૧મીમી, ગરબાડામાં ૨ મીમી,દેવગઢ બારીયામા ૧૧મીમી, ધાનપુરમા ૪મીમી ,સંજેલીમાં ૧૫મીમી, ગોવિંદગુરૂ લીમડીમા ૨ મીમી અને સુખસર તાલુકામાં ૮ મીમી વરસાદ નોંધાયો છે. જોકે વહેલી સવારથી જ જીલ્લામા આકાશમાં વાદળોની ફોજ ઊતરી આવી છે અને દિવસ દરમિયાન ભારે વરસાદ વરસવાની સંભાવનાઓ જોવાઈ રહી છે.

### પાકને જીવતનદાન મળતાં ખેડૂતોમાં હરખની હેલી

## લીમખેડા પંથકમાં મેઘરાજાની એન્ટ્રી, હડફ નદીમાં નવા નીરથી ચોમેર ખુશી

(પ્રતિનિધિ) લીમખેડા તા.24

લીમખેડા પંથકમાં સારો વરસાદ વરસ્યો છે. આ વરસાદને કારણે હડફ નદીમાં નવા નીર આવ્યા છે, જેનાથી ખેડૂતોના પાકને નવજીવન મળ્યું છે." "સમગ્ર દાહોદ જિલ્લામાં વરસાદી માહોલ જામ્યો છે. ક્યાંક ધીમી ધારે તો ક્યાંક ઝરમર વરસાદ વરસી રહ્યો છે. લાંબા સમયથી ચાલી રહેલી ગરમી અને બફારામાંથી લોકોને મોટી રાહત મળી છે, અને વાતાવરણમાં ઠંડક પ્રસરી છે. નદી-નાળાઓમાં પાણીની આવક શરૂ થઈ છે." "ખાસ કરીને લીમખેડા પંથકમાં પડેલો વરસાદ મહત્વનો સાબિત થયો છે. અહીંની મુખ્ય હડફ નદીમાં નવા નીર આવતા સ્થાનિક રહેવાસીઓ અને ખેડૂતોમાં સંતોષ



જોવા મળ્યો છે. નદીમાં પાણીની આવક શરૂ થતાં આસપાસના જળસ્રોતોમાં પણ જળસ્તર સુધરવાની આશા છે. અગાઉની ગરમી અને પાણીની અછતને કારણે ચિંતિત ખેડૂતોના પાકને આ વરસાદથી મોટો ફાયદો થયો છે." "હવામાન વિભાગ દ્વારા દાહોદ જિલ્લામાં ભારે વરસાદની સંભાવના વ્યક્ત કરીને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. પ્રશાસન દ્વારા પણ સ્થિતિ પર નજર રાખવામાં આવી રહી છે અને નાગરિકોને સાવચેત રહેવા અપીલ કરાઈ છે. હવામાન વિભાગની આ આગાહી વચ્ચે સતત વરસી રહેલા વરસાદથી આગામી દિવસોમાં પાણીની સ્થિતિ વધુ સુધરશે તેવી અપેક્ષા છે."

### 42 કામો એક સાથે મંજૂર કરાતા કોંગ્રેસના સભ્યોનો ઉગ્ર વિરોધ

## દાહોદ પાલિકાની સામાન્ય સભામાં વિવિધ સમિતિના ચેરમેનોની વરણી

દાહોદ : દાહોદ નગરપાલિકાની સામાન્ય સભા શુક્રવારે બપોરે એક વાગ્યે યોજાઈ હતી. સભામાં કુલ 59 મુદ્દાઓ એજન્ડામાં સામેલ હતા. વિવિધ સમિતિઓના ચેરમેનોની વરણી કોંગ્રેસના ભારે વિરોધ વચ્ચે સત્તાપક્ષે બહુમતીના જોરે મંજૂર કરી હતી. સભા દરમિયાન પ્રમુખે એજન્ડાના મુદ્દા ક્રમાંક 1થી 42 સુધીના કાર્યો એકસાથે મંજૂર કરવાની કાર્યવાહી હાથ ધરતાં કોંગ્રેસના સભ્યોએ તેનો ઉગ્ર વિરોધ કર્યો હતો. કોંગ્રેસે દરેક મુદ્દો વાંચી તેના પર ચર્ચા કરવાની માંગ કરી હતી, પરંતુ તે સ્વીકારવામાં આવી નહોતી. ત્યારબાદવરણી મુજબ હાર્દિકભાઈ બચુભાઈ બારીયાને એપીએમસીના



સભ્ય તેમજ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિના ચેરમેન બનાવાયા હતા. બિમલભાઈ રમેશભાઈ વડવાલાને કારોબારી સમિતિ, ગીતાબેન જીતેન્દ્રભાઈ રાઠોડને લાઈબ્રેરી સમિતિ, વંદનાબેન મનોજભાઈ ભાર્ગવને શોપ એન્ડ એસ્ટાબ્લિશમેન્ટ સમિતિ, સોનલબેન સતિષભાઈ પરમારને બાગ-બગીચા સમિતિ અને લક્ષ્મીબેન હિતેશભાઈ ભાટને ફાયર એન્ડ ગેરેજ સમિતિના ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. કમલેશભાઈ લક્ષ્મીચંદ લાલવાણીને મેન્ટેનન્સ સમિતિ, ઈસ્તીઆકભાઈ સોક્તઅલી સૈયદને સ્ટ્રીટ લાઈટ તેમજ સ્ટોલ એન્ડ વહીવટી ચાર્જ સમિતિ, માર્યાબેન સજ્જાદભાઈ ભાટીયાને રમતગમત અને સાંસ્કૃતિક સમિતિ, દર્શીષભાઈ જગમોહન દીવાકરને કાયદા સમિતિ, વિજયભાઈ હોશિયારભાઈ પીઠાયાને સમાજ કલ્યાણ સમિતિ, કેશુભાઈ કરણભાઈ ભરવાડને ટીપી સમિતિ, અંકિતાબેન અજયભાઈ ભાભોરને આરોગ્ય સમિતિ, મેથાબેન પરેશભાઈ પંચાલને પાણી પુરવઠા સમિતિ, જેરીકાબેન મનોજકુમાર ચૌહાણને પાર્કિંગ સમિતિ અને મનીષભાઈ તુલસીદાસ લખવાનીને બાંધકામ સમિતિના ચેરમેન તરીકે વરણી કરાઈ હતી.

### દેવગઢ બારિયા પેટાચૂંટણી

## તા.૨૮ જુલાઈએ સ્થાનિક જાહેર રજા કરવામાં આવી

(પ્રતિનિધિ) દેવગઢ બારીયા તા.24

મતાધિકારનો સરળતાથી ઉપયોગ કરી શકે અને વધુમાં વધુ મતદાન થાય તે હેતુથી આ નિર્ણય લેવામાં આવ્યો છે.જિલ્લા ચૂંટણી તંત્રના જણાવ્યા મુજબ મતદાનના દિવસે દેવગઢ બારિયા નગરપાલિકાની અનેક સરકારી કર્મચારીઓ, શિક્ષકો પેટાચૂંટણીને અનુલક્ષીને જિલ્લા અને અન્ય કર્મચારીઓ ચૂંટણી ફરજમાં જોડાનાર છે. ઉપરાંત, કેટલીક શૈક્ષણિક સંસ્થાઓમાં ચૂંટણી અધિકારી અને કલેક્ટર દ્વારા તા. 28 જુલાઈ, 2026 (મંગળવાર)ના રોજ દેવગઢ બારિયા નગરપાલિકા મતદાન મથકો કાર્યરત રહેશે. જેના વિસ્તારમાં સ્થાનિક જાહેર રજા કારણે મતદાન પ્રક્રિયા શાંતિપૂર્ણ, જાહેર કરવામાં આવી છે.આ જાહેર સુચારૂ અને વ્યવસ્થિત રીતે પૂર્ણ રજા દેવગઢ બારિયા નગરપાલિકા થાય તે માટે સ્થાનિક જાહેર રજા વિસ્તારમાં આવેલી તમામ સરકારી, જાહેર કરવામાં આવી છે.જિલ્લા અર્ધસરકારી કચેરીઓ, શૈક્ષણિક ચૂંટણી તંત્રે દેવગઢ બારિયા સંસ્થાઓ તેમજ જાહેર સંસ્થાઓને નગરપાલિકા વિસ્તારના તમામ લાગુ પડશે. રાજ્ય ચૂંટણી આયોગના મતદારોને લોકશાહીના પર્વમાં માર્ગદર્શનો તેમજ ભારત સરકારના ઉત્સાહપૂર્વક ભાગ લઈ પોતાના કર્મચારી અને તાલીમ વિભાગના મતાધિકારનો અવશ્ય ઉપયોગ કરવા નિયમોને અનુસરીને મતદારો પોતાના અપીલ કરી છે.

### ૨૧૮ વિદ્યાર્થીઓને HIV/AIDS, ટીબી અંગે માહિતી અપાઈ

## ફતેપુરામાં રેડ રિબન ક્લબ અંતર્ગત આરોગ્ય જાગૃતિ કાર્યક્રમ યોજાયો

(પ્રતિનિધિ) ફતેપુરા તા.24

દાહોદ જિલ્લાના મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી ડૉ. ઉદયકુમાર ટીલાવત, જિલ્લા ક્ષય અધિકારી ડૉ. આર. ડી. પહાડિયા તથા તાલુકા આરોગ્ય અધિકારી ડૉ. સુરેશ વી. અમલીયારના માર્ગદર્શન હેઠળ ફતેપુરા આર્ટ્સ કોલેજ ખાતે રેડ રિબન ક્લબ અંતર્ગત આરોગ્ય જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમમાં આશરે 218 વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો. વિદ્યાર્થીઓને HIV/AIDS, ટીબી, રક્તપિત, જાતીય સંક્રમિત રોગો (STIs), સ્વૈચ્છિક રક્તદાન, ડ્રગ્સના વ્યસનના દૂષ્પરિણામો, હિપેટાઈટિસ તેમજ જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ દ્વારા ઉપલબ્ધ સેવાઓ અંગે વિગતવાર માહિતી આપવામાં આવી હતી. ઉપરાંત HIV/AIDS હેલ્પલાઈન નંબર 1097 અંગે પણ માહિતગાર કરવામાં આવ્યા હતા. ટીબી મુક્ત ભારત અભિયાનને વધુ વેગ આપવા



માટે NSSના વિદ્યાર્થીઓને Break Free India અને ટીબી મુક્ત ભારત એપ ડાઉનલોડ કરાવવામાં આવી હતી તેમજ ટીબી અંગે જનજાગૃતિ ફેલાવવા અપીલ કરવામાં આવી હતી. કાર્યક્રમના અંતે વિદ્યાર્થીઓ માટે આરોગ્ય વિષયક ક્વિઝ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. વિવિધ પ્રશ્નોના સાચા જવાબ આપનાર વિદ્યાર્થીઓને પ્રોત્સાહક ઈનામો આપી સન્માનિત કરવામાં આવ્યા હતા.